## એમ.એસ.યુનિ.દ્વારા જીસેટની પરીક્ષા લેવાય છે

# ૩૦૦૭૭ ઉમેદવારોએ રાજ્યના ૧૧ કેન્દ્રો પર જીસેટની પરીક્ષા આપી

વડોદરા, રવિવાર

સરકારની ગ્રાન્ટ ઈન એડ યુનિવર્સિટીઓમાં અધ્યાપક બનવા માટે જરુરી લાયકાત પૈકીની એક ગણાતી જીસેટ(ગુજરાત સ્ટેટ એલિજિબિલિટી ટેસ્ટ)પરીક્ષા આજે લેવામાં આવી હતી.જેમાં આખા રાજ્યમાંથી ૩૦૦૭૭ ઉમેદવારો બેઠા હતા.

## સૌથી વધારે ૪૩૬૫ ઉમેદવારો કોમર્સ વિષય માટે અને સૌથી ઓછા ૬૪ ઉમેદવારો અર્થ સાયન્સ વિષય માટે નોંધાયા હતા

ઉલ્લેખનીય છે કે, જીસેટ પરીક્ષા લેવાની જવાબદારી સરકારે એમ.એસ.યુનિવર્સિટીને સોંપી છે અને આ માટે યુનિવર્સિટીએ એક સેન્ટર બનાવ્યુ છે.જેના ડાયરેકટર પ્રો.સી એન મૂર્થિએ કહ્યુ હતુ કે, કુલ મળીને ૩૪૮૬૪ ઉમેદવારોએ જીસેટ પરીક્ષા માટે નોંધાયા હતા અને આ પૈકીના ૩૦૦૭૭ ઉમેદવારોએ પરીક્ષા આપતા કુલ ૮૬ ટકા હાજરી નોંધાઈ હતી.

કુલ મળીને ૨૫ વિષયોની ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. વડોદરા, અમદાવાદ, રાજકોટ , સુરત સહિતના ૧૧ કેન્દ્રો પર તેની પરીક્ષા લેવામાં આવી હતી.સૌથી વધારે ૪૩૬૫ ઉમેદવારો કોમર્સના વિષય માટે નોંધાયા હતા. જ્યારે ગુજરાતી વિષય માટે ૨૯૪૨, લાઈફ સાયન્સ વિષય માટે ૨૯૫૧ અને કેમિકલ સાયન્સ વિષય માટે ૩૯૦૭ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. તેની સામે સૌથી ઓછા ૬૪ ઉમેદવાર અર્થ સાયન્સ એટલે કે જિઓલોજી વિષય માટે તેમજ ૧૨૯ ઉમેદવારો જિઓગ્રાફી તથા ૧૭૫ ઉમેદવારો પોલિટિકલ સાયન્સ વિષય માટે નોંધાયા હતા. ફિલોસોફી વિષય માટે પણ માત્ર ૧૩૦ ઉમેદવારો પરીક્ષા ફોર્મ ભર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે નોકરી મેળવવા માંગતા ઉમેદવારો માટે નેટ અથવા પીએચડી જરુરી હોય છે.જે ઉમેદવાર નેટ પરીક્ષા આપવા ના માંગતા હોય તે રાજ્ય કક્ષાએ લેવાતી જીસેટ પરીક્ષા આપી શકે છે.